વંદનાનું વૃંદાવનમાં
રૂપાંતર કરવું એ જ
જીવનની કળા છે
- સુદર્શન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૬૨ | ૧૩ મે, ૨૦૧૩, સોમવાર; વૈશાખ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



# ગાંધીનગર-અમદાવાદ મેટ્રો આડે અનેક અડચણ

## કેન્દ્રની નીતિ પ્રતિકૂળ હોવાથી માઠી અસર : રાષ્ટ્રીય શહેરી પરિવહન નીતિમાં જે શરતો કરવામાં આવી છે તે શરતો મુજબની હાલ વ્યવસ્થા નહીં હોવાથી તકલીફ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર-અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટોને લઈને છેલ્લા ઘણા સમયથી હિલચાલ ચાલી રહી છે પરંતુ આ મેટ્રો રેલ પ્રોજેક્ટ આડે હજુ પણ ઘણી બધી અડચણો હોવાની માહિતી મળી રહી છે જેથી આ પ્રોજેક્ટ વહેલી તકે આગળ વધે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ૧૫૦૦૦ કરોડનો અમદાવાદ-ગાંધીનગરનો રેલવે પ્રોજેક્ટ નેશનલ અર્બન ટ્રાન્સપોર્ટ પોલીસી (એનયુટીપી) દ્વારા નક્કી કરવામાં આવેલી શરતોને પહોંચી વળવામાં સક્ષમ છે કે કેમ તેને લઈને પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા ફંડ મેળવવા માટે એનયુટીપી દ્વારા નક્કી કરાયેલી શરતોમાં આ પ્રોજેક્ટ આવે છે કે કેમ તેને લઈને ચર્ચા અને મૂલ્યાંકનની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. ઘણા સિનીયર શહેરી વિકાસના અધિકારીઓએ દાવો કર્યો છે કે રાષ્ટ્રીય પોલીસી જ આ પ્રોજેક્ટ માટે કેન્દ્ર પાસેથી ફંડ મેળવવા માટે સૌથી મોટી અડચણ છે. કેન્દ્ર સરકાર આ પ્રોજેક્ટને નાણાં આપવા માટે ઉદાસીન દેખાઈ રહી છે જેથી સૂચિત મેટ્રોમાં ઉપયોગ કરવામાં આવનાર ગેજના સ્વરૂપને લઈને સસ્પેન્સની સ્થિતિ રહી છે. કેન્દ્ર સરકાર પ્રોજેક્ટ ખર્ચના ૨૦ ટકા રકમ આપવાને લઈને હજુ ચિત્ર સ્પષ્ટ થયું નથી. રાજ્યના મુખ્ય સચિવને લખવામાં આવેલા પત્રમાં શહેરી વિકાસ મંત્રાલયમાં માસ રેપીડ ટ્રાન્સપોર્ટ (એમઆરપી)ના ડિરેક્ટર પ્રકાશસિંહે કેટલાક કેસોનો ઉલ્લેખ કર્યો છે જેમાં કોચી, બેંગ્લોર, ચેન્નાઈ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. સાથે સાથે એવી શરતોનો ઉલ્લેખ કર્યો છે જે શરત હેઠળ કેન્દ્ર સરકાર શહેરમાં મેટ્રો પ્રોજેક્ટનો ફંડ આપવામાં રસ દર્શાવી શકશે. પ્રથમ શરત એ છે કે શહેર આયોજિત પબ્લિક ટ્રાન્સપોર્ટમાં ઓછામાં ઓછા

● અનુસંધાન પાન-૭ પર




# સોલાર ઊર્જા માટે તૈયાર કરાયેલી રૂફટોપ પોલીસીમાં બદલાવ કરાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર માટે રાજય સરકારે બનાવેલી રૂફટોપ પોલીસીમાં આમૂલ પરિવર્તન કરવાની દિશામાં કવાયત હાથ ધરવામાં આવી છે અને આ માસના અંત સુધીમાં નવી નીતિની ઘોષણા કરવામાં આવે તેવી શકયતાઓ છે.

ગાંધીનગર શહેરને સોલાર સીટી બનાવવા અંગેનો પ્રોજકેટ રાજય સરકાર અને ભારત સરકારે મંજૂર કરેલ છે. આ પ્રોજેકટ અંતર્ગત હાલ ગાંધીનગરમાં ૩ મે.વો. વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. અને ટૂંક સમયમાં વધુ બે મે.વો. વીજ ઉત્પાદન વધશે. રાજય સરકારે ગાંધીનગરમાં કરાવેલા અભ્યાસ અંતર્ગત ૪૫ મે.વો. સોલાર ઉર્જાના ઉત્પાદનની શકયતાઓ છે આને ધ્યાને રાખી સરકારે રૂફટોપ પોલીસી અમલી બનાવી હતી.

મળતી વિગતો પ્રમાણે રાજય સરકાર દ્વારા સોલાર સીટીની કલ્પના ગાંધીનગરના સ્થાપના દિનની ઉજવણી દરમિયાન રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વ્યકત કરી હતી. આ દિશામાં આગળ વધી ચુકી છે. આ નવી પોલીસીમાં ઘણી બધી મહત્વની બાબતોમાં બદલાવ હશે તેવા સંકેતો વિભાગના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

રાજય સરકારે રૂફટોપ

## ગાંધીનગર ગ્રીન ઊર્જાનું મોડલ નગર બની ઉભરી આવશે

ગાંધીનગરની આ રૂફટોપ પોલીસીને મળેલા પ્રતિસાદ બાદ રાજય સરકારે હવે આ પોલીસીમાં કેટલાક મહત્વના ફેરફારો કરવાનો નિર્ણય કર્યો છે અને આ માટેની કવાયત હાલ તેના અંતિમ તબક્કામાં હોવાનું જાણવા મળેલ છે.

પછી આ અંગેનો પ્રોજેકટ પણ તૈયાર કરી ભારત સરકારમાં રજુ કરાયો હતો અને તેને મંજૂરી મળી છે.

ગાંધીનગર બાદ રાજય સરકારે રાજયના અન્ય પાંચ શહેરોમાં પણ સોલાર ઉર્જાના પ્લાન્ટ રૂફટોપ પોલીસીને ધ્યાને રાખી અમલી બનાવવાની પોલીસીના આકર્ષણને લોકભોગ્ય બનાવવા માટે પ્રથમ સરકારી કચેરીઓની છત પરથી સોલાર ઉર્જાના ઉત્પાદનના શ્રીગણેશ કર્યા છે અને તેમાં સારી એવી સફળતા મળી છે એટલું જ નહિ આને પગલે ઊર્જાના બિલમાં પણ સારી એવી બચત થવા પામી છે.

રાજય સરકારે બનાવેલી રૂફટોપની પોલીસી શ્રષ્ઠ પુરવાર થઈ છે આ પોલીસીને હજુ પણ વધુ અસરદાર અને આકર્ષક બનાવવાનો પ્રયાસ છે. સોલાર ઊર્જામાં લોક ભાગીદારીને વધુ પ્રોત્સાહિત કરવાની દિશામાં આ ફેરફારો કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ બાદ હવે જીવરાજ મહેતા ભવન સોલાર સંકુલ બન્યું છે. આગામી દિવસોમાં વધુ સંકુલો સોલાર આધારિત બનશે. સરકારનો લક્ષ્યાંક ૨૦૧૮માં ગાંધીનગર ગ્રીન ઉર્જાનું આદર્શનગર બની ઉભરે તે રીતે આગળ વધી રહી છે.





